"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Acting President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૮-૨૦૧૯/૧૫-૩ તા.૨૭-૦૯-૨૦૧૮

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માન. ડૉ. પી. ડી. વાઘેલા સાહેબ**
કમિશ્નરશ્રી કોમર્શીયલ ટેક્ષ
વાણીજય કર કચેરી, અમદાવાદ.

**વિષય : ઈ-વેબિલ અંગેની રજુઆત કરવા બાબત**

માનનીયશ્રી,

જયભારત સાથ જણાવવાનું કે આપના તા.૧૯-૦૯-૨૦૧૮ના નોટીફીકેશન દ્વારા રાજયમાં આંતરિક વહન થતાં માલના ઈ-વેબિલની જાણ અમોએ તા.૨૦-૦૯-૨૦૧૮ના રોજ મેળવી અને તારીખ ૨૧, ૨૨ અને ૨૩ રજા હોઈ તેની જાણ રાજયના દરેક એસોસીએશનનો, ટ્રાન્સપોર્ટરો અને વેપારીઓને પહોંચાડતા તે અંગેની વ્યવહારીક મુશ્કેલીઓની રજુઆતો મળતા આપશ્રીને અમો નીચે પ્રમાણે તે અંગે રજુઆત કરીએ છીએ.

૧. ઉપર જણાવ્યા મુજબ ટુંકા સમયમાં ઈ-વેબિલ લાગુ કરવાની તારીખ હોઈ ગુજરાત રાજયમાં ઘણાંબધા ટ્રાન્સપોર્ટરો કે જેઓ માત્ર રાજયમાં જ માલની હેરફેર કરતા હતા અને જેઓએ ઈ-વેબિલના પોર્ટલ પર એન્રોલમેન્ટ કરી ટ્રાન્સપોર્ટ આઈડી લીધેલ નથી અને તા.૦૧-૧૦-૨૦૧૮થી આની અમલવારી થતી હોઈ ટુંકાગાળામાં તે મેળવવી મુશ્કેલ છે. તે ઉપરાંત નાના વિસ્તારોમાં તે એન્રોલમેન્ટ મેળવવા જરૂરી દસ્તાવેજો સ્કેન કરી સાઈટ ઉપર રજુ કરવા વગેરેની સમજ તેમજ વ્યવસ્થાની ઉપલબ્ધતા નથી.

૨. આપની વધુ જાણકારી ખાતર ગુજરાત રાજયમાં નાની-મોટી ૪૦૦૦૦ કરતા પણ વધારે ટ્રાન્સપોર્ટ કંપનીઓ કાર્યશીલ છે. ઉપરોક્ત વ્યવસ્થામાં આપે જાહેર કરેલી રૂા.૫૦૦૦૦/-ની કિંમત મર્યાદા ઘણી ઓછી હોઈ જે આજના ફુગાવાજનક પરિસ્થિતિને જોતા તેમજ ગુજરાત રાજયમાં વેપાર અને ઉદ્યોગની વૃધ્ધિ જોતા ઘણી ઓછી લાગે છે અને જેમાંય ખાસ કરીને નાના વ્યવસાયિકોને રોજ બરોજ માલની હેરફેર કરતા ઈ-વેબિલથી પડતી મુશ્કેલીઓને લીધે તે લીમીટ વધારીનુ રૂા.૧૫૦૦૦૦/- કરવી જોઈએ. આ બાબતે તામીલનાડુ, પંજાબ વગેરે રાજયએ પણ તે લીમીટ વધારી છે અને અન્ય રાજયયોમાં પણ આ બાબતની રજુઆતો થયેલ છે તો આપણાં રાજયમાં પણ આવી વ્યવસ્થા અંગે વિચારવું જરૂરી છે.

૩. આ ઉપરાંત ગુજરાત રાજયમાં આંતરિક હેરફેર થતી જે વસ્તુઓમાં ટેક્ષ ઈવેઝનની સંભાવના ઓછી હોઈ અથવા ટેક્ષની આવક ઓછી હોય તેવી ચીજવસ્તુઓને ઈ-વેબિલ બનાવવામાંથી મુકિત અંગેની જાહેરાત કરવી જોઈએ.

૪. ઈન્ટ્રાસીટીમાં હેરફર થતાં માલને ઈ-વેબિલ બનાવવામાંથી મુકિત આપવામાં આવેલ છે. ઈન્ટ્રાસીટીનો અર્થ મ્યુનિસિપલ કોર્પોરેશન લીમીટ તરીકે કરવામાં આવેલ છે. જે ગુજરાતની ૭ કોર્પોરેશનના શહેરો માટે લીમીટ ઓછી છે કારણકે ટ્રાન્સપોર્ટના ગોડાઉનો તથા સ્ટોરેજ ઈન્ફ્રા સ્ટ્રકચર વર્ષોથી ઓકટ્રોયના લીધે મ્યુનીસીપલ કોર્પોરેશનની બહાર હતા તદઉપરાંત છેલ્લા ૪-૫ વર્ષથી ટ્રાફિક અને પોલ્યુશનની સમસ્યાને લીધે મધ્યમ તથા ભારે માલવાહક વાહનોની કોર્પોરેશન વિસ્તારમાં આવન-જાવનનો સમય નિયંત્રીત/પ્રતિબંધ

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Acting President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



કરવામાં આવેલ હોઈ તેમજ મોટા ગોડાઉનો વગેરે મોટા શહેરોના આજુ બાજુના વિસ્તારોમાં બન્યા હોવાથી શહેર લીમીટમાં થતા સપ્લાય અંગે પણ રોજ બરોજ ઈ-વેબિલ બનાવવાની જોગવાઈ બનતા મોટા શહેરોના આજુ બાજુ વિસ્તારના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ પુરી થયા બાદ ૨૫ કી.મી. સુધીના વિસ્તારમાં થતી તમામ પ્રકારના માલની હેરફેર માટેના ઈ-વેબિલ બનાવવા માટેની મુક્તિ આપવી જોઈએ. જેથી ટ્રાન્સપોર્ટરોને એક ગોડાઉન થી બીજા ગોડાઉન સુધી પહોંચવામાં સરળતા રહે. (દા.ત. અમદાવાદમાં ગોબલજ, કનેરા, જેતલપુર, બારેજા, ચાંગોદર, પીરાણા, ચીલોડા, કુહા, કણભા વગેરે તેમજ રાજકોટ માટે શાપર, નવાગામ, મેટોડા, કુવાડવા, આજી વગેરે તેવી જ રીતે સુરતમાં કડોદરા, કામરેજ, હજીરા, કડોદરા, સચીન, પાંડેસરા, વેસુ વગેરે તેવી જ રીતે ભાવનગરમાં વરતેજ, ચિત્રા, અદેવાડા વગેરે)

૫. ખાસ કરીને જે નાના વેપારીઓ ટર્ન ઓવરની મર્યાદાને હિસાબે અન રજીસ્ટર્ડ હોય અને જો તેઓને આપે જાહેર કરેલ કિંમતની મર્યાદાથી વધારે માલ વહન કરવાનો થાય તો તેનું ઈ-વેબિલ બનાવવું શકય નથી.

૬. આ ઉપરાતં રાજયમાં ટુંકા અંતરે વહન થતાં માલ માટે ઈ-વેબિલની વેલીડીટીની સમસ્યાની પણ રજુઆત થયેલ છે. (દા.ત. અમદાવાદથી નડિયાદ/આણંદ શનિવારે બુક થતાં માલનું રવિવારે રજા આવતા સોમવારે ડિલીવરી કરતી વખતે કે ગોડાઉનમાં માલ ઉતારતી વખતે વેલીડ ઈ-વેબિલની સમસ્યા થવાની પુરી સંભાવના છે.)

આ સાથે અમારી આપશ્રીને રજુઆત છે કે ઉપરોકત જણાવેલ મુદ્દાઓનું નિરાકરણ કરી આંતરિક રાજય માટે ઈ-વેબિલની ટુંકાગાળામાં અમલી કરવાની જાહેરાતને તેમજ ઓકટોબર-નવેમ્બર માસમાં આવતા તહેવારોને ધ્યાનમાં રાખી ૧૫ નવેમ્બરથી અમલી કરવા વિનંતી છે.

આભાર સહ,

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદે
(માનદમંત્રી)

નકલ રવાના :

૧. માન.શ્રી ડૉ. અજયકુમાર, સ્પે. કમિશ્નર ઓફ સેલ્સ ટેક્ષ, અમદાવાદ.

૨. માન.શ્રી ડૉ. જૈમીન વસા-પ્રમુખશ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ.